તા.૩૦/૦૯/૨૦૨૪
સામાન્ય સભા

આજ રોજ તા.૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ પલસાણા ગ્રામ પંચાયત તા. પલસાણાની સામાન્ય સભા સરપંચશ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર નાં અધ્યક્ષપણા હેઠળ ગ્રામ પંચાયત કચેરી, પલસાણા ખાતે બપોરે ૧૨-૦૦ કલાકે મળી જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓની હાજરીમાં થયેલ સભાની કાર્યવાહી નોંધ

**હાજર સભ્યો:-**

(૧)શ્રી પ્રવિણભાઇ પરસોત્તમભાઇ આહિર — સરપંચશ્રી
(૨)શ્રી પરેશભાઇ હસમુખભાઇ મૈસુરીયા — ઉપસરપંચશ્રી
(૩)શ્રી દેવાંગકુમાર ઇશ્વરભાઇ સોલંકી — સભ્યશ્રી
(૪)શ્રીમતી ઇલાબેન ભાણાભાઇ રાઠોડ — સભ્યશ્રી
(૫)શ્રીમતી શ્રધ્ધાબેન મેહુલકુમાર પટેલ — સભ્યશ્રી
(૬)શ્રી દિવ્યેશકુમાર ચંપકભાઇ ઢીંમર — સભ્યશ્રી
(૭)શ્રીમતી ગાયત્રીબેન નિલેશભાઇ રાઠોડ — સભ્યશ્રી
(૮)શ્રીમતી લક્ષ્મીબેન પ્રફુલભાઇ પટેલ — સભ્યશ્રી
(૯)શ્રીમતી પ્રતિક્ષાબેન મિનેષભાઇ પટેલ — સભ્યશ્રી
(૧૦)શ્રીમતી નિમિષાબેન પ્રકાશકુમાર આહિર — સભ્યશ્રી
(૧૧)શ્રી તેજસકુમાર પંકજભાઇ દેસાઇ — સભ્યશ્રી

ઉપર મુજબના તમામ હાજર સભ્યશ્રીઓ હાજર રહેતા કોરમ થવાથી સભાની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

કામ નં ૧ ગત સભાની કાર્યવાહી વાંચનમાં લેવા બાબત.
ઠરાવનં ૧ આજની સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધનું વિગતવાર વાંચન કરવામાં આવ્યું. ગત સભાની કાર્યવાહી નોંધ કોમ્પયુટરાઇઝડ
તમામ સભ્યોને આપવમાં આવેલ છે. ગત સભાની કાર્યવાહી નોંધ યોગ્ય અને બરાબર હોય આજની સભાએ સર્વાનુમતે બહાલી આપવા સર્વાનુમતે
ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં.૨ સભ્યશ્રીઓના રજાના રીપોર્ટ મંજુર કરવા બાબત
ઠરાવ નં.૨ આજ રોજની સભામાં કોઇ સભ્યશ્રીનો રજા રીપોર્ટ આવેલ ના હોય રજા મંજુર કરવાનો પ્રશ્ન રહેતો નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩ આવેલ અરજીઓનું વાંચન કરવા બાબત.
ઠરાવનં ૩ આજ રોજ મળેલ સભા સમક્ષ નીચે મુજબની અરજીઓનું વિગતે વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ
અરજીવાર નીચે મુજબના ઠરાવ કરવા નિર્ણયો કર્યા.

કામનં ૩/૧ રૃદ થી મિલ્કતો નામફેર કરવા માટેની અરજીઓ વાંચને લઇ યોગ્ય નિર્ણયો ઠરાવો કરવા બાબત.
ઠરાવનં ૩/૧ આજ રોજ મળેલ સભા સમક્ષ રૃદ આધારે નામફેર કરવા આવેલ અરજીઓનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભા ચર્ચા વિચારણા કર્યા બાદ નીચે મુજબના રૃદ આધારે નામફેર કરવા સર્વાનુમતે ઠરાવે છે.

| અનુ | રૃદ થી વેચાણ લેનાર | રૃદ થી વેચનાર | રૃદ નંબર તારીખ | મિલ્કત નંબર સ્થળ ઓળખ (નવો નંબર) |
|---|---|---|---|---|
| ૧ | અબ્દુલરસીદ અબ્દુલરહીમ શેખ<br>અબ્દુલસત્તાર અબ્દુલરહીમ શેખ | તેજલબેન રાકેશભાઇ પટેલ | ૧૦૧૧૯ તા.૧૩/૦૯/૨૦૨૪ | બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ પ્લોટનં ૬૫+૬૬ દુકાન રૂમો મિ.નં ૩૬૩૯/૧ થી ૩૬૩૯/૩૨ (૧૩૨૭૦ થી ૧૩૩૦૧) |
| ૨ | મદનલાલ નગજીરામજી કલાલ | રામચંદ્ર સોહનલાલ મેવાડા | ૯૨૧૩ તા ૧૬/૦૮/૨૦૨૪ | બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ પ્લોટનં ૭૫+૭૬ દુકાન રૂમો મિ.નં ૨૬૬૭/૧ થી ૨૬૬૭/૩૨ (૮૧૫૨ થી ૮૧૮૩) |
| ૩ | શેખ અયાઝમીયા રહીમમીયા | સંજીવકુમાર અમરેશ સિંગ | ૯૯૧૩ તા ૧૦/૦૯/૨૦૨૪ | બ્લોકનં ૬૪૩ સૂર્યાંશી રેસી.પ્લોટનં ૪૭ થી ૫૧ ગ્રા.ફ્લોર દુકાનનં ૪ મિ.નં ૧૯૨૨/૪(૪૩૭૧) |
| ૪ | ધીરેન્દ્ર દેવીશંકર દુબે<br>પ્રીતી ધીરેન્દ્ર દુબે | મે.અવધ ઇન્ફ્રા | ૪૨૧૨ તા ૨૯/૦૩/૨૦૨૩ | બ્લોકનં ૧૬૨ અવધ કિમ્બર્લી પ્લોટનં ૧૧૪, ૧૧૪/એ, ૧૧૪/બી મકાનનં ૧૮૦ મિ.નં ૩૦૩૭ (૧૦૨૫૬) |
| ૫ | સરસ્વતીદેવી વિરેન્દ્ર યાદવ | ભરત મોહનદાસ ભારવાની | ૧૦૦૮૮ તા ૧૩/૦૯/૨૦૨૪ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૧૫૭ શિવ શકિત રેસી-૨ ફ્લેટનં ૧૦૬ મિ.નં ૨૭૭૨/૭(૯૯૫૮) |
| ૬ | કૃષ્ણા રમાકાન્ત પાટીલ | ઓમસાંઇ ડેવલોપર્સ વહીવટર્તા દિપકભાઇ વિનુભાઇ પટેલ | ૧૫૪૪ તા.૧૨/૦૩/૨૦૧૪ | બ્લોકનં ૨૨૦ ઓમસાંઇ રેસી. બિલ્ડીંગ બી ફ્લેટનં એ/૩૦૪ મિ.નં ૧૮૦૦/૮૨ (૩૭૨૨) |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | રંજના કુમારી કરણ ગુપ્તા<br>કરણ મંગલ પ્રસાદ ગુપ્તા | સંગીતાદેવી મિથુન યાદવ<br>મિથુન રામબલી યાદવ<br>હરેન્દ્ર રામબલી યાદવ | ૧૩૯૯૬<br>તા<br>૨૦/૧૦/૨૦૨૩ | બ્લોકનં ૩૦૯ રઘુકુળ સોસાયટી પ્લોટનં ૬૬ મકાન મિ.નં ૨૧૬૬ (૫૩૦૪) |
| ૮ | શિવકિશોર ગૌરીશંકર શર્મા | ભરત મોહનદાસ ભારવાની | ૯૯૬૧<br>તા<br>૧૨/૦૯/૨૦૨૪ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૧૫૭ શિવ શકિત રેસી-૨ ફ્લેટનં ૨૦૭ મિ.નં ૨૭૭૨/૧૫(૯૯૩૧) |
| ૯ | ચંદાદેવી રામકીશોર શર્મા | ભરત મોહનદાસ ભારવાની | ૯૯૫૯<br>તા<br>૧૨/૦૯/૨૦૨૪ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૧૫૭ શિવ શકિત રેસી-૨ ફ્લેટનં ૨૦૬ મિ.નં ૨૭૭૨/૧૪(૯૯૩૦) |
| ૧૦ | માન્તીદેવી રાજકીશોર શર્મા | ભરત મોહનદાસ ભારવાની | ૯૯૬૦<br>તા<br>૧૨/૦૯/૨૦૨૪ | બ્લોકનં ૪૮ પ્લોટનં ૧૫૭ શિવ શકિત રેસી-૨ ફ્લેટનં ૨૦૧ મિ.નં ૨૭૭૨/૯(૯૯૬૦) |
| ૧૧ | રસીદબેગ સરદારબેગ મિરઝા | અફરોઝાબાનુ સુફીયાનખાન પઠાણ | ૧૦૫૯૩<br>તા.૨૭/૦૯/૨૦૨૪ | બ્લોકનં ૫૩૪ પ્લોટનં ૨ થી ૫ પૈકી સબ પ્લોટનં ૧ દુકાન, રૂમો મિ.નં ૩૭૨૫/૧ થી ૩૭૨૫/૧૬ (૧૪૧૫૫ થી ૧૪૧૭૦) |

આમ, ઉપરોક્ત મુજબના ર૬દ આધારે દફતરે ફેરફાર કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૨ ખાટુશ્યામ ડાયફેબ પ્રાઇવેટ લીમીટેડ ની આવેલી અરજી બાબત

ઠરાવનં ૩/૨ આજની સભામાં અરજદારની અરજી આજની સભામાં વાંચનમાં લેવામાં આવી. જેમાં તેમના જણાવ્યા મુજબ તેઓ પોતાની ખાટુશ્યામ ડાયફેબ પ્રાઇવેટ લીમીટેડ કંપની થી તેમના બીજા યુનિટ સલાસર ડાઇંગ મીલ સાથે જોડવા માટે બોઇલર ખાતાની લાઇન લઇ જવા માટે ગ્રામ પંચાયત પાસે ના વાંધા પ્રમાણપત્ર માંગેલ છે. આ સાથે તેમણે GPCB ની NOC ની કોપી પણ સાથે જોડેલ છે. જેથી આજની સભા નીચેની શરતોને આધીન બોઇલર ખાતાની લાઇન લઇ જાય તો પંચાયત ને કોઇ પણ જાતનો વાંધો નથી

<u>શરતો</u>

(૧)પ્રશ્નવાળી જગ્યા ઉપરથી પસાર થતુ ઓવરહેડ સ્ટ્રકચર રાહદારીઓને કે આજુબાજુના રહીશો/ટ્રાફીકને અડચણરૂપ ન આવે તે રીતે ગોઠવવાનું રહેશે

(૨)ભવિષ્યમાં ઓવરહેડ સ્ટ્રક્ચર ને કારણે ત્યાંથી પસાર થતા રાહદારીઓને કે અન્ય વ્યકિતને જે જાનમાલનું નુકશાન કે ઇજા/હાની તેમજ વળતર ચુકવવાનું થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી અરજદાર સંસ્થાની રહેશે.

(૩)સદર જગ્યાએથી પસાર થતુ ઓવરહેડ સ્ટ્રક્ચર ભવિષ્યમાં ગ્રામ પંચાયત પલસાણા ને કોઇપણ રીતે આગ/અકસ્માત ના સમયે અડચણરૂપ થાય તો તે સમયે અરજદાર સંસ્થાએ સદર સ્ટ્રક્ચર હટાવી લેવાનું રહેશે.

(૪)આ રસ્તા ઉપર ભવિષ્યમાં મીલ તરફ થી કોઇ પણ જાતનું બાંધકામ થશે નહી.

(૫)પ્રશ્નવાળી જગ્યા અંગેના તમામ સરકારી/અર્ધસરકારી વેરા/ટેક્ષ ચાર્જીસ વિગેરે અરજદાર સંસ્થાએ ભોગવવાના રહેશે

(૬)ઉપર જણાવેલ શરતોમાં ફેરફાર કરવા કે અન્ય શરત ઉમેરવા સરપંચશ્રી ગ્રામ પંચાયત પલસાણા અધિકૃત રહેશે.

ઉપર મુજબની તમામ શરતોનું પાલન કર્યા બાદ જો સદર જગ્યા પરથી ઓવરહેડ સ્ટ્રક્ચર બનાવી સર્વિસ લાઇન નાખવામાં આવે તો પંચાયત ને કોઇ વાંધો નથી. જેને આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૩ શ્રી રૂખીબેન તે સુખાભાઇ રાઠોડની દિકરી અને છનાભાઇ હળપતિની પત્ની ની અરજી

ઠરાવનં ૩/૩ આજરોજની સભામાં શ્રી રૂખીબેન તે સુખાભાઇ રાઠોડની દિકરી અને છનાભાઇ હળપતિની પત્ની ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ અરજદારે અરજીમાં જણાવ્યા અનુસાર ગ્રામ પંચાયત દફતરે મિલ્કત નંબર-૧૬૮૦(૨૯૧૮) થી ચાલી આવેલ મિલ્કત શ્રી રૂખીબેન તે સુખાભાઇ રાઠોડની દિકરી અને છનાભાઇ હળપતિની પત્ની ના સ્વતંત્ર નામે ચાલે છે. મજકુર મિલ્કતમાં તેઓના સીધી લીટીના વારસદારો પેઢીનામા માં બતાવ્યા મુજબ શ્રી ગીતાબેન છનાભાઇની પુત્રી દિનેશભાઇ ની પત્ની(પુત્રી) શ્રી સકુબેન છનાભાઇ હળપતિ (પુત્રી)નું નામ દાખલ કરવા અરજ કરેલ છે. તે માટે અરજદારે સામાયિકપણામાં નામ દાખલ અંગેનો કરાર નોટરીશ્રી જ્યોતિ ડી માહ્યાવંશી રૂબરૂ ક્રમાંક ૨૮૮૭/૨૦૨૪ તારીખ: ૨૭/૦૯/૨૦૨૪ થી કરેલ છે. જે આજની સભામાં રજુ થતાં વંચાણે લેવામાં આવેલ છે.ગ્રામ પંચાયત દફતરે મિલ્કત નંબર-૧૬૮૦(૨૯૧૮) થી ચાલી આવેલ અને શ્રી રૂખીબેન તે સુખાભાઇ રાઠોડની દિકરી અને છનાભાઇ હળપતિની પત્ની ની અરજી મંજુર કરી મિલ્કત નંબર-૧૬૮૦(૨૯૧૮) વાળી મિલ્કતમાં રૂખીબેન તે સુખાભાઇ રાઠોડની દિકરી અને છનાભાઇ હળપતિની પત્ની ની સાથે સહભાગીદારી માં ગીતાબેન છનાભાઇની પુત્રી દિનેશભાઇ ની પત્ની, શ્રી સકુબેન છનાભાઇ હળપતિનું નામ દાખલ કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૪ શ્રી લાલુભાઇ ઠાકોરભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી લાલુભાઇ ઠાકોરભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે પાડા ફળિયા હળપતિવાસ માં મિલકત નંબર-૧૨૦૮(૧૮૬૬) શ્રી ઠાકોરભાઇ બાબુભાઇ રાઠોડ ના નામે આવેલ છે. શ્રી ઠાકોરભાઇ બાબુભાઇ રાઠોડ તારીખ:૨૩/૦૯/૨૦૦૨ ના રોજ પલસાણા મુકામે અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ શ્રી ઠાકોરભાઇ બાબુભાઇ રાઠોડ નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું.

અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી જશુબેન ઠાકોરભાઇ રાઠોડ(પત્ની) મરણ તા

૨૫/૦૮/૨૦૧૬ (૨)શ્રી લાલુભાઇ ઠાકોરભાઇ રાઠોડ (પુત્ર) હયાત આમ અનુ.નં (૨) હયાત વારાસનું નામ દાખલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૫ શ્રી સુખીબેન રતીલાલ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સુખીબેન રતીલાલ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા
કર્યા બાદ મોજે પલસાણા ગામે સદગુરુ કોલોની માં આવેલ મિલકત નંબર-૧૩૮૩(૨૦૬૧) શ્રી રતીલાલ નાથુભાઇ રાઠોડ ના નામે આવેલ છે. શ્રી
રતીલાલ નાથુભાઇ રાઠોડ તારીખ:૧૦/૦૯/૨૦૦૯ ના રોજ પલસાણા મુકામે અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ શ્રી રતીલાલ નાથુભાઇ રાઠોડ નું
નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું.
અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી સુખીબેન રતીલાલ રાઠોડ(પત્ની)હયાત (૨)શ્રી
રમેશભાઇ રતિલાલ રાઠોડ (પુત્ર)હયાત (૩)શ્રી કાલીદાસ રતિલાલ રાઠોડ (પુત્ર) હયાત (૪)શ્રી વનિતાબેન રતિલાલ રાઠોડ (પુત્રી) હયાત આમ અનુ.નં (૧)
થી (૪) હયાત વારસોના નામ દાખલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૬ શ્રી વિશાલ કાંતિભાઇ પટેલ ની અરજી.

ઠરાવનં ૩/૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વિશાલ કાંતિભાઇ પટેલ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૬૮૨/૩૦(૨૯૫૯) (૧)ભારતીબેન કાંતિલાલ પટેલ (૨)પ્રિયંકાકુમારી કાંતિલાલ પટેલ (૩)વિશાલ કાંતિભાઇ પટેલ ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)ભારતીબેન કાંતિલાલ પટેલ (૨)પ્રિયંકાકુમારી કાંતિલાલ પટેલ એ પોતાનો હક્ક ઉઠાવવા બાબતનો નોટરી (૩૧૨૫/૨૦૨૪ તા. ૩૦/૦૭/૨૦૨૪ - બળવંત કે પરમાર) રૂબરૂ લેખથી શ્રી વિશાલ કાંતિભાઇ પટેલ ની તરફેણ માં પોતાનો હક્ક હિસ્સો બિનઅવેજ થી ઉઠાવી લીધેલ છે. આથી મિલકત નંબર- ૧૬૮૨/૩૦(૨૯૫૯) માંથી અનુ.નં (૧)ભારતીબેન કાંતિલાલ પટેલ (૨)પ્રિયંકાકુમારી કાંતિલાલ પટેલ નું નામ કમી કરી સદર મિલ્કત શ્રી વિશાલ કાંતિભાઇ પટેલ ના નામે કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૭ શ્રી વાઘેલા નરેન્દ્રકુમાર રામુભાઇ ની અરજી.

ઠરાવનં ૩/૭ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી વાઘેલા નરેન્દ્રકુમાર રામુભાઇ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા
કર્યા બાદ મોજે પલસાણા ગામે સરિતા નગર માં આવેલ મિલકત નંબર-૯૩૬(૧૪૯૨) શ્રી રૂખીબેન રામુભાઇ વાઘેલા ના નામે આવેલ છે. શ્રી રૂખીબેન
રામુભાઇ વાઘેલા તારીખ:૦૮/૧૦/૨૦૦૨ ના રોજ પલસાણા મુકામે અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ શ્રી રૂખીબેન રામુભાઇ વાઘેલા નું
નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું.
અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી નીરૂબેન રામુભાઇ (પુત્રી)હયાત (૨)શ્રી કુસુમબેન
રામુભાઇ (પુત્રી)હયાત (૩)શ્રી વાઘેલા નરેન્દ્રકુમાર રામુભાઇ (પુત્ર) હયાત (૪)શ્રી વાઘેલા અશોકભાઇ રામુભાઇ (પુત્ર) મરણ તા.૨૭/૧૦/૨૦૧૦ અપરણિત
નિ:સંતાન આમ અનુ.નં (૧) થી (૩) હયાત વારસોના નામ દાખલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૮ શ્રી મીનાબેન સંતોષભાઇ સોલંકી ની અરજી.

ઠરાવનં ૩/૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી મીનાબેન સંતોષભાઇ સોલંકી ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા
કર્યા બાદ મોજે પલસાણા ગામે સોલંકીવાસ માં આવેલ મિલકત નંબર-૬/૨અ(૧૭) શ્રી સંતોષકુમાર ઠાકોરભાઇ સોલંકી ના નામે આવેલ છે. શ્રી
સંતોષકુમાર ઠાકોરભાઇ સોલંકી તારીખ:૧૯/૧૧/૨૦૨૨ ના રોજ નવસારી મુકામે અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ શ્રી સંતોષકુમાર ઠાકોરભાઇ
સોલંકી નું નામ કમી કરવા અરજ કરેલ છે. અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું.
અને તેમના સીધી લીટીના વારસો પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી મીનાબેન સંતોષભાઇ સોલંકી(પત્ની) હયાત (૨)શ્રી
જીજ્ઞાસાબેન સંતોષભાઇ સોલંકી(પુત્રી)હયાત (૩)શ્રી હિરલકુમારી સંતોષભાઇ સોલંકી (પુત્રી) હયાત (૪)શ્રી જયનીશકુમાર સંતોષભાઇ સોલંકી (પુત્ર)
હયાત આમ અનુ.નં (૧) થી (૪) હયાત વારસોના નામ દાખલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૯ શ્રી કલ્પના ભીખુભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી કલ્પના ભીખુભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું.વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા
કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર-૧૩૯૦(૨૦૬૮) શ્રી ભીખાભાઇ છોટુભાઇ ના નામે આવેલ છે. શ્રી ભીખાભાઇ છોટુભાઇ
તારીખ:૦૨/૧૨/૨૦૦૦ ના રોજ પલસાણા મુકામે અવસાન પામેલા છે. જેથી તેમના વારસોએ શ્રી ભીખાભાઇ છોટુભાઇ નું નામ કમી કરવા અરજ કરેલ છે.
અને અરજી,પેઢીનામું તથા મરણના દાખલા રજૂ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ વારસાઇ કરવા નક્કી કર્યું. અને તેમના સીધી લીટીના વારસો
પેઢીનામામાં બતાવેલા વારસોના નામ આ મુજબના છે. (૧)શ્રી ઉર્મિલાબેન ભીખુભાઇ રાઠોડ (પત્ની) મરણ તા.૦૫/૦૧/૨૦૦૧ (૨)શ્રી કલ્પના ભીખુભાઇ
રાઠોડ (પુત્રી)હયાત (૩)શ્રી જાગૃતિબેન ભીખુભાઇ રાઠોડ (પુત્રી) હયાત (૪)શ્રી સુનીલભાઇ ભીખુભાઇ રાઠોડ (પુત્ર)મરણ તા.૦૩/૦૧/૨૦૧૮ અપરણિત

નિ:સંતાન હયાત આમ અનુ.નં (૨) થી (૩) હયાત વારસોના નામ દાખલ કરવા સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૦ શ્રી ભગવતીબેન હરેશભાઇ પટેલ વિગેરે ની અરજી.

ઠરાવનં ૩/૧૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ભગવતીબેન હરેશભાઇ પટેલ વિગેરે ની અરજી નું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મિલકત નંબર ૯૪૨-૯૪૩/૧(૧૫૦૩) અને ૯૪૨-૯૪૩/૧/૧(૧૪૮૭૮) કે જેની આકારણી ગ્રામ પંચાયત દફતરે (૧)ભગવતીબેન હરેશભાઇ પટેલ(૨)હંસાબેન નૈતિકભાઇ પટેલ ના નામે આવેલ છે. સદરહુ મિલકતમાં આ બે અરજદારે શ્રી (૧)ભગવતીબેન હરેશભાઇ પટેલ(૨)હંસાબેન નૈતિકભાઇ પટેલ એ નોટરી શ્રી બળવંત કે પરમાર રુબરૂ કરેલ કૌટુંબિક વહેંચણી કરાર રજીનં. ૩૧૩૪/૨૦૨૪ તા.૩૦/૦૭/૨૦૨૪ મુજબ મિલ્કત જે તેને નામે કરવા અરજી કરેલ છે. સભાએ ચર્ચા વિચારણાને અંતે અરજદારની અરજી સર્વાનુમતે મંજુર રાખી નીચે મુજબ આકારણી રજીસ્ટરમાં ફેરફાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.

| અ.નં | વિસ્તાર | મિલકત નંબર | મિલકતનું વર્ણન | હાલ આકારણી પર ચાલતા નામો | આકારણી ની કિંમત | વહેંચણ કરાર આધારે આકારણી વિભાજન કર્યા બાદ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | મિલ્કત ધારણ કરનાર | મિલ્કત નંબર | મિલ્કતનું વર્ણન | આકારણીની સુધારેલ કિંમત |
| ૧ | મેઇન રોડ | ૯૪૨-૯૪૩/૧(૧૫૦૩) અને ૯૪૨-૯૪૩/૧/૧(૧૪૮૭૮) | છાપરું | ભગવતીબેન હરેશભાઇ પટેલ, હંસાબેન નૈતિકભાઇ પટેલ | ૨૫૦૦૦૦ | હંસાબેન નૈતિકભાઇ પટેલ | ૯૪૨-૯૪૩/૧(૧૫૦૩) | ઉત્તરદિશા તરફનો ગાળો-૧ | ૨૫૦૦૦૦/- |
| | | | | | | ભગવતીબેન હરેશભાઇ પટેલ | ૯૪૨-૯૪૩/૧/૧(૧૪૮૭૮) | દક્ષિણદિશા તરફનો ગાળો-૧ | ૨૫૦૦૦૦/- |

ઉપર મુજબ આકારણી રજીસ્ટર પર જરૂરી ફેરફાર કરવા આજની સભામાં સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

કામ નં ૩/૧૧ શ્રી સુનિતા આનંદ સિંઘ ની અરજી

ઠરાવ નં ૩/૧૧ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સુનિતા આનંદ સિંઘ રહે: પલસાણા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૨૫૦ સૂર્યાશી રેસીડેન્સી વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૮૫ સુનિતા આનંદ સિંઘ એ દસ્તાવેજ નંબર ૬૯૩૧/૨૦૨૪ તા ૧૪/૦૬/૨૦૨૪ ના રોજ વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે.. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારૂપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી રૂ.૧૫૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૨ શ્રી ભરતભાઇ બાલુભાઇ રાઠોડ ની અરજી.

ઠરાવનં ૩/૧૨ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ભરતભાઇ બાલુભાઇ રાઠોડ ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ મિલકત નંબર- ૧૧૧૨(૧૭૬૬) (૧)ભાણીબેન ગુણવંતભાઇ રાઠોડ (૨)કમુબેન ગુણવંતભાઇ રાઠોડ (૩)રમીલાબેન ઠાકોરભાઇ રાઠોડ (૪)આશિષભાઇ ઠાકોરભાઇ રાઠોડ (૫)કાજલબેન ઠાકોરભાઇ રાઠોડ ના નામે આવેલ છે. જે પૈકી અનુ.નં (૧)ભાણીબેન ગુણવંતભાઇ રાઠોડ (૨)કમુબેન ગુણવંતભાઇ રાઠોડ (૩)રમીલાબેન ઠાકોરભાઇ રાઠોડ (૪)આશિષભાઇ ઠાકોરભાઇ રાઠોડ (૫)કાજલબેન ઠાકોરભાઇ રાઠોડ એ પોતાનો હક્ક સંમતિલેખ નોટરી (૧૨૮૧/૨૦૨૪ તા. ૧૩/૦૫/૨૦૨૪ - જ્યોતિ ડી માહ્યાવંશી) રૂબરૂ લેખથી શ્રી ભરતભાઇ બાલુભાઇ રાઠોડ ને કરી આપેલ છે. તેમજ સદરહુ મકાન ની માલિકી ભાણીબેન ગુણવંતભાઇ રાઠોડ અને તેમના સીધી લીટીના વારસોની હોય અને મિલકત વડીલો પાર્જીત ચાલી આવેલ છે. સદરહુ મકાન ના માલિક ભાણીબેન ગુણવંતભાઇ રાઠોડ કે જેમનો અરજદાર (ભરતભાઇ બાલુભાઇ રાઠોડ) સાથે મામી/ભાણેજ નો સંબંધ ધરાવે છે. તદઉપરાંત અરજદાર દ્વારા વધુ એક સોગંદનામું નોટરી (૨૬૩૨/૨૦૨૪ તા. ૦૪/૦૯/૨૦૨૪) જ્યોતિ ડી માહ્યાવંશી) સામેલ કરેલ છે જેમાં અરજદારે ભવિષ્યમાં કોઇ પણ જાતની તકરાર ઉભી થાય તો સદરહુ મિલકત ફરીથી કાયમી માલિક જેમકે અરજદાર ના મામી તથા તેમના વારસો ના નામે ફેરવવા માં આવે તો અરજદાર ને વાંધો વિરોધ નથી તેમજ સામેલ સોગંદનામા ની તમામ જવાબદારી અરજદાર ની પોતાની રહેશે. જેમાં સરકારી અધિકારી, સરપંચ કે પંચાયત બોડી ના સભ્યો ની કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહી. જેનો સામેલ સોગંદનામા માં ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેથી મિલકત નંબર- ૧૧૧૨(૧૭૬૬) માંથી અનુ.નં નું (૧)ભાણીબેન ગુણવંતભાઇ રાઠોડ (૨)કમુબેન ગુણવંતભાઇ રાઠોડ (૩)રમીલાબેન ઠાકોરભાઇ રાઠોડ (૪)આશિષભાઇ ઠાકોરભાઇ રાઠોડ (૫)કાજલબેન ઠાકોરભાઇ રાઠોડ નામ કમી કરી સદર મિલ્કત શ્રી ભરતભાઇ બાલુભાઇ રાઠોડ ના નામે કરવા તેમજ ગ્રામ પંચાયત પલસાણા દ્વારા પણ ભવિષ્ય માં સદરહુ મિલકત ની બાબત માં કોઇ પણ જાતની તર-તકરાર ઉભી થાય તો સદરહુ મિલકતના મુળ માલિક એટલે કે ગ્રામ પંચાયત દફતરે સદરહુ મિલકત ને મુળ સ્થિતી એ ફેરવવામાં આવશે. એ શરતે આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૩ શ્રી પરેશભાઇ છગનભાઇ ઠુમ્મર ની આવેલ અરજી બાબત

ઠરાવનં ૩/૧૩ અરજદારની અરજી આજની સભામાં વાંચનમાં લેવામાં આવી. જેમાં જણાવ્યા મુજબ અરજદારની પલસાણા ગ્રામ પંચાયત દફતરે નોંધાયેલ મિલકત નંબર ૧૪૧૩ જેનો નવો મિલકત નંબર ૧૦૫૪૫ છે. અરજીમાં તેમના જણાવ્યા મુજબ આ મિલકતની આકારણી યોગ્ય રીતે થયેલ નથી જેથી તેમણે આ મિલકતની આકારણી બાબતે ગુ.પ.એક્ટ ૧૯૯૩ ની કલમ ૨૦૦(૬) ની જોગવાઇ અન્વયે વિવાદ સમીતી સમક્ષ અપીલ કરવાની હોય પરંતુ આજ કાયદાની કલમ ૨૦૦(૭) મુજબ અપીલ કરનારને તેમની પાસે માંગેલી રકમ અપીલ કરનારે અનામત તરીકે પંચાયત ને મુકેલી હોય તો જ અપીલ દાખલ કરી શકે. જેથી મિલકત નંબર ૧૪૧૩ જેનો નવો મિલકત નંબર ૧૦૫૪૫ છે. તેની આકારણી બાબતે અપીલ માં જવા માટે તે મિલકત ની વેરાની રકમ નો ચેક પંચાયતને રજુ કરેલ છે. આ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી તે અન્વયે આ અરજદારની ગ્રામ પંચાયત પલસાણા ખાતે આ સિવાય મિલકત નંબર ૧૪૧૫(૧૦૫૪૭) અને ૧૪૧૪( ૧૦૫૪૬) થી બીજી મિલકત પણ છે. પરંતુ અરજદાર માત્ર મિલકત નંબર ૧૪૧૩(૧૦૫૪૫) માં જ અપીલ માં ગયા છે. એટલે એનો મતલબ એમકે તેમને બીજી મિલકત ની આકારણી સામે કોઇ વાંધો નથી. જેથી આજની સભા તેમની બીજી મિલકત નંબર ૧૪૧૫(૧૦૫૪૭) અને ૧૪૧૪( ૧૦૫૪૬) નો વેરો પણ સંપૂર્ણ ભરી દે ત્યાર બાદ જ મિલકત નંબર ૧૪૧૩(૧૦૫૪૫) ની વેરાની રકમ પંચાયત માં જમા લેવા સર્વાનુમતે ઠરાવે છે. આજની સભા અરજદાર તરફ થી આપવામા આવેલો વેરાનો ચેક પરત કરવા સર્વાનુમતે ઠરાવે છે .

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૪ શ્રી ભીખુભાઇ પરસોત્તમભાઇ આહિર ની અરજી

ઠરાવનં ૩/૧૪ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી ભીખુભાઇ પરસોત્તમભાઇ આહિર ની અરજી વંચાણે લેવામાં આવી. અરજદારશ્રીએ મોજે: પલસાણા તાલુકો: પલસાણા ગામે આવેલ બ્લોક નંબર-૬૭૫ સિધ્ધેશ્વર રેસીડેન્સી વાળી બીનખેતીમાં તબદીલ થયેલ જમીનમાં પાડવામાં આવેલ પ્લોટ નંબર-૩૦ વાળી જમીન ૧. ભીખુભાઇ પરસોત્તમભાઇ આહિર ના ઓ એ વેચાણ દસ્તાવેજ ક્રમાંક-૯૭૦૬ તારીખ:૨૮/૦૮/૨૦૨૪ થી વેચાણ રાખેલ છે. જેમાં મકાનનું બાંધકામ કરી આકારણી કરવા અરજ કરેલ છે. સદર બાબતે ચર્ચા કરતાં આજની સભા ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની આકારણી કરવા આજની સભા ઠરાવે છે. આ આકારણી કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલતના ઉપયોગ અને સેવા જળવાઇ રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલ્કતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલ્કત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. રસ્તા અને ગટરની સુવિધા માલિકે પોતે પૂરી પાડવાની શરતે સભાએ આજની સભા આકારણી રજીસ્ટરે દાખલ કરી નવો નંબર આપી આકારણી ₹.૧૫૦૦૦૦/- કરી વેરા વસુલાત કરવા આજની સભા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૧૫ શ્રી પ્રકાશ સુખલાલ સેન ની અરજી

ઠરાવ નં ૩/૧૫ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી પ્રકાશ સુખલાલ સેન રહે: પલસાણા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ વાળી જમીનમાં પડેલ પ્લૉટ નંબર ૯૩ પ્રકાશ સુખલાલ સેન એ દસ્તાવેજ નંબર ૯૭૫૧/૨૦૨૩ તા ૦૫/૦૭/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફલોર પર ૧ દુકાન અને ૧ રૂમ, પ્રથમમાળે ૩ રૂમ તથા બીજામાળે ૩ રૂમ, ત્રીજામાળે ૩ રૂમ, ચોથામાળે ૨ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૧૩ મિલકતો ની કુલ આકારણી રૂા.૭,૦૦,૦૦૦/- કરવા અને ૧૩ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૧૬ શ્રી પ્રકાશભાઇ સુખલાલ સેન વિગેરે ની અરજી

ઠરાવ નં ૩/૧૬ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી પ્રકાશભાઇ સુખલાલ સેન વિગેરે રહે: પલસાણા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૮૪/અ પ્રવેશ રેસીડેન્સી એ વાળી જમીનમાં પડેલ પ્લૉટ નંબર ૯૪+૯૫ પ્રકાશભાઇ સુખલાલ સેન અને મુકેશભાઇ સુખલાલ સેન એ દસ્તાવેજ નંબર ૩૭૬૬/૨૦૨૩ તા ૨૩/૦૩/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફલોર પર ૩ દુકાન અને ૬ રૂમ, પ્રથમમાળે ૧૨ રૂમ તથા બીજામાળે ૧૨ રૂમ, ત્રીજામાળે ૧૨ રૂમ, ચોથામાળે ૯ રૂમ નું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૫૪ મિલકતો ની કુલ આકારણી રૂા.૨૮,૫૦,૦૦૦/- કરવા અને ૫૪ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૭ શ્રી યોગેશચંદ્ર ડાહ્યાભાઇ પટેલ ની અરજી

ઠરાવનં ૩/૧૭ અરજદારની અરજી આજની સભામાં વાંચનમાં લેવામાં આવી જેમાં તેમના જણાવ્યા મુજબ તેઓએ મંછાદેવી મંદિરના પીપળા સર્કલ ની નજીક વિસામો પોતાના ખર્ચે બનાવવા માટે પરવાનગી માંગેલ છે. જેથી પંચાયત દ્વારા આ અરજી સંદર્ભે ફળિયાના લોકોને જાણ કરવામાં આવી. જેથી ફળિયાના લોકોએ ત્યાંના પંચાયત સભ્યને મૌખિક રજુઆત કરી કે મંછાદેવી મંદિરના પીપળા સર્કલ ની નજીક વિસામો બનાવવા દેવો નહી.જેથી પંચાયત સભ્ય દ્વારા પંચાયત ની મિટીંગમાં મૌખિક રજુઆત કરી કે ફળિયાના આગેવાનો દ્વારા મને મૌખિક રજુઆત કરવામાં આવી છે કે મંછાદેવી મંદિરના પીપળા સર્કલ ની નજીક વિસામો બનાવવા દેવો નહી. જેથી આજની સભા સભ્યની મૌખિક રજુઆતને આધારે મંછાદેવી મંદિરના પીપળા સર્કલ ની નજીક વિસામો ન બનાવવા દેવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૮ શ્રી અબ્દુલહમીદ અહમદઅલી સૈયદ ની અરજી

ઠરાવનં ૩/૧૮ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી અબ્દુલહમીદ અહમદઅલી સૈયદ રહે: ઉન ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૬૨૩ વાળી બિનખેતી ની જમીનમાં માં બાંધવામાં આવેલ શોપીંગ સેન્ટરના ગ્રા.ફ્લોર પર આવેલ દુકાનનં ૭ કે જેનો ગ્રામ પંચાયત દફતરે મિલકત નંબર ૧૫૯૦/૭ જે સૈયદ અબ્દુલ રસીદ અહમદ અલી ના નામે ચાલે છે. સદરહુ મિલકત રજીસ્ટર દસ્તાવેજ થી ઇબ્રાહીમ મહમદ પટેલ વિગેરે પાસેથી ૨.દ નં ૧૫૧૭ તા ૧૦/૦૮/૨૦૦૫ થી વેચાણ રાખેલ છે. જેની નોંધ રજીસ્ટર દસ્તાવેજ થી ગ્રામ પંચાયત દફતરે ગ્રામ પંચાયત ની સામાન્ય સભામાં તા ૨૬/૦૭/૨૦૦૬ ઠરાવનં ૩(૧૫) થી થયેલ છે સદરહુ ઠરાવમાં વેચાણ રાખનાર (૧)મોમીના ખાતુન અહમદ અલી સૈયદ (૨)અબ્દુલ રસીદ અહમદ અલી સૈયદ (૩)અબ્દુલ હમીદ અહમદ અલી

સૈયદ ના નામ નો ઉલ્લેખ થયેલો છે. પરંતુ ફેરફાર ની નોંધ ગ્રામ પંચાયત ના આકારણી રજીસ્ટર માં જે તે સમયે શરતચૂકથી ફક્ત અબ્દુલ રસીદ અહમદ અલી સૈયદ ના નામથી થયેલ છે. પરંતુ રેકર્ડ ની તપાસણી કરતા માલૂમ થાય છે કે સદરહુ મિલકત ની જે તે સમયે રજીસ્ટર દસ્તાવેજ થી ફેરફાર ની નોંધ માટે થયેલ ઠરાવ માં વેચાણ રાખનાર કુલ (૩) સભ્યો છે. જેથી સભા ગ્રામ પંચાયત દફતરે થયેલ ઠરાવ ના આધારે સદરહુ મિલકત માં સુધારો કરી ઠરાવમાં દર્શાવેલ (૧)મોમીના ખાતુન અહમદ અલી સૈયદ (૨)અબ્દુલ રસીદ અહમદ અલી સૈયદ (૩)અબ્દુલ હમીદ અહમદ અલી સૈયદ નામો કરવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૩/૧૯ શ્રી સુખાભાઇ છગનભાઇ રાઠોડ ની અરજી

ઠરાવનં ૩/૧૯ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી સુખાભાઇ છગનભાઇ રાઠોડ રહે પલસાણા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ સર્વોદય સોસાયટી માં એક ગાળો ઘર કે જેની આકારણી ગ્રામ પંચાયત મિલકત નંબર ૧૨૮૯/બ(૧૯૫૩) થી થયેલ છે. જેની મકાનની પાછળ ખુલ્લી જગ્યા આવેલ છે. જેની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ તે શરતે સભાએ ૫૦,૦૦૦/- આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામ નં ૩/૨૦ શ્રી દિનેશકુમાર શાંતિલાલ ગાંધી વિગેરે ની અરજી

ઠરાવ નં ૩/૨૦ આજ રોજ મળેલ સભા સમક્ષ શ્રી દિનેશકુમાર શાંતિલાલ ગાંધી વિગેરે રહે: પલસાણા ની અરજીનું વાંચન કરવામાં આવ્યું. વાંચન બાદ સભાએ ચર્ચા વિચારણા કર્યા બાદ મોજે પલસાણા ગામે આવેલ બ્લોકનં ૫૬૯ બિનખેતી વાળી જમીનમાં પડેલ પ્લોટ નંબર ૪૦+૪૧ દિનેશકુમાર શાંતિલાલ ગાંધી, હિરાભાઇ અમૃતભાઇ ભરવાડ, ઘનશ્યામભાઇ નરસિંહભાઇ પરમાર એ દસ્તાવેજ નંબર ૧૨૫૭૨/૨૦૨૩ તા ૧૨/૦૯/૨૦૨૩ ના રોજ વેચાણ રાખેલ છે. અને તેમાં તેઓશ્રીએ મકાન બનાવેલ છે. છે. જે મકાનની આકારણી કરવા અરજ કરેલ છે. આ આકારણી ગુજ.ગ્રામ અને નગર પંચાયતના કર અને ફી બાબતના નિયમો ૧૯૬૪ ના હેતુસરની કરવાની રહેશે. તેમાં મિલકતોની માલિકી અંગેના કબ્જા, ભોગવટો પ્રસ્તાવિત જે તે માલિકનો રહેશે. જે કરવેરા વસુલાત તેમજ લાઇટ, પાણીની સવલત રહે તે પુરતી મર્યાદિત છે. કોઇ પણ મિલકતની આકારણી માત્ર વેરા વસુલ લેવાના હેતુ પૂરતી જ કરવામાં આવે છે. ભવિષ્યમાં આકારણી કરેલ કોઇ પણ મિલકત બિનઅધિકૃત ગણી દૂર કરવાનું થાય તો આકારણી પત્રક કે વેરા પહોંચ બાધારુપ રહેશે નહિ. તથા રસ્તા અને ગટરની સુવિધા તથા ફાયર સેફટીની વ્યવસ્થા માલિકે પોતે પૂરી પાડવાની શરતે આકારણી કરવા મિલકત નંબરો આપવા તથા વેરો વસુલ કરવા સભાએ સર્વાનુમતે નક્કી કર્યું. અરજદારે ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૧ દુકાન, પ્રથમમાળે ૭ દુકાન અને ૪ રૂમ તથા બીજામાળે ૧૭ રૂમ ત્રીજામાળે ૨ રૂમનું બાંધકામ કરેલ છે. જે બરાબર હોઇ સભાએ દુકાનની આકારણી રૂા.૧,૦૦,૦૦૦/- અને એક રૂમની આકારણી રૂા.૫૦,૦૦૦/- લેખે કુલ ૪૧ મિલકતો ની કુલ આકારણી રૂા.૨૯,૫૦,૦૦૦/- કરવા અને ૪૧ મિલકત નંબરો આપવા સભાએ સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૪ આવક જાવકના હિસાબને મંજુર કરવા બાબત.

ઠરાવનં ૪ આજ રોજ મળેલ સભા સમક્ષ માહે ઓગષ્ટ ૨૦૨૪ ના થયેલ આવક જાવકના હિસાબને વંચાણે લેવામાં આવ્યો. સભા સમક્ષ નીચે મુજબ હિસાબો રજુ કરવામાં આવ્યા.

| ૨૦૨૪ ઓગષ્ટ- આવક | | ૨૦૨૪ **ઓગષ્ટ-** જાવક | |
|---|---|---|---|
| આવક સદર | કુલ | જાવક સદર | કુલ |
| ઘરવેરો | ૩૮૪૧૫૦.૦૦ | પગાર ખાતે | ૧૩૦૮૬૦.૦૦ |
| જિ.પં કર | ૩૮૪૧૬.૦૦ | ડોર ટુ ડોર કચરા નિકાલ | ૧૪૦૦૦૦.૦૦ |
| લાઇટવેરો | ૪૬૧૦૦.૦૦ | રુર્બન ગટર સફાઇ ખાતે | ૭૧૪૦૦.૦૦ |
| પાણીવેરો | ૧૬૮૦૦.૦૦ | ગ્રામ સફાઇ ખાતે | ૨૨૦૦૦.૦૦ |
| સફાઇવેરો | ૮૭૨૫૦.૦૦ | પાઇપલાઇન સામાન/રીપેરીંગ | ૩૪૦૦૦.૦૦ |
| વ્યવસાયવેરો R.C | ૧૮૬૫૩૬૦.૦૦ | આરોગ્ય ખાતે | ૧૩૬૦૦૨.૦૦ |
| વ્યવસાયવેરો E.C | ૩૮૫૫૦.૦૦ | પર્વ ઉજવણી | ૮૨૮૦.૦૦ |
| કેબીન ભાડું | ૨૦૦૦૦.૦૦ | જી એસ ટી સ્વભંડોળ | ૧૧૮૬૮૨.૦૦ |
| ગટરવેરો | ૪૧૯૫૦.૦૦ | તાલુકા પંચાયત કર | ૨૦૯૧૬૯.૦૦ |
| માર્કેટ ભાડું | ૬૦૫૦.૦૦ | લાઇટ સામાન/રીપેરીંગ ખર્ચ | ૫૫૭૩૦.૦૦ |
| તાલુકા પંચાયત કર | ૧૭૦૦૩.૦૦ | ટેલિફોન બીલ | ૧૦૦૨.૦૦ |
| લગ્ન નોંધણી ફી | ૩૦.૦૦ | ટી ડી એસ સ્વભંડોળ | ૮૨૯૭૨.૦૦ |
| જી એસ ટી | ૮૭૨૫૬.૦૦ | લેબર વેલ્ફર સેસ સ્વભંડોળ | ૬૭૪૨૬.૦૦ |
| ટી ડી એસ | ૯૪૫૪૧.૦૦ | જીલ્લા પંચાયત કર | ૪૮૮૪૯૮.૦૦ |
| લેબર શેષ | ૩૮૨૦૧.૦૦ | આર ઓ પ્લાન્ટ ખર્ચ | ૭૪૫૦૦.૦૦ |

| | | | |
|---|---|---|---|
| | | ગ્રામ પંચાયત સ્વભંડોળ વિકાસના કામો | ૬૩૫૭૪૮૯.૦૦ |
| **કુલ** | ૨૭૮૩૮૬૯.૦૦ | **કુલ** | ૭૯૯૮૦૧૦.૦૦ |
| **ઉઘડતી સિલ્લક** | ૩૭૯૫૯૪૧૪.૭૦ | **બંધ સિલ્લક** | ૩૨૭૪૫૨૭૩.૭૦ |
| **કુલ એકંદર** | ૪૦૭૪૩૨૮૩.૭૦ | **કુલ એકંદર** | ૪૦૭૪૩૨૮૩.૭૦ |

ઉપર મુજબના હિસાબો આજની સભામાં વંચાણે લઇ ચર્ચા વિચારણા કરવામાં આવી. ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ખર્ચ દર્શાવેલ કામો અને ખરીદેલ માલસામાન ની ગ્રામ પંચાયત પલસાણા ને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૯૯ અનુસૂચિ-૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો. આવક અને થયેલ કામો તથા ખરીદેલ વસ્તુઓના પ્રમાણમાં ખર્ચ વ્યાજબી હોઇ આજની સભા પુખ્ત ચર્ચા પરામર્શના અંતે માહે ઓગષ્ટ - ૨૦૨૪ માસનો આવક ખર્ચના હિસાબો સર્વાનુમતે મંજૂર કરવા ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૫ ખર્ચના બિલોના વંચાણે લઇ બહાલી/મંજુરી આપવા બાબત

ઠરાવનં ૫ આજની સભામાં ગ્રામ પંચાયત પલસાણા દ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામો તથા ખરીદ કરેલ માલ સામાન તથા સફાઇ કામગીરી તથા રીપેરીંગના કામો, જેસીબી/ટ્રેકટરનું કામ, મેટલ રોડના કામો, ડામર રોડના કામો, પેવર બ્લોક/આર.સી.સી.રોડના કામો, ગટરલાઇનના કામો, પીવાના પાણીની નવી લાઇન નાંખવા તથા રીપેરીંગના કામો અને સ્ટ્રીટલાઇટ રીપેરીંગ અને નવી લાઇટોના કામો વિગરે,પેવરબ્લોક રીપેરીંગ કામ બીલોનું વિગતે વાંચન કરવામાં આવ્યું. તેમાં બતાવેલ ખર્ચ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવેલ કામો અને ખરીદવામાં આવેલ માલસામાન તથા વિકાસ કામો માટેનો છે. જે દર્શાવેલ વિગતનો ખર્ચ પંચાયતે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૯૯ ની અનુસુચિ ૧ મુજબના કામો અને ફરજો બજાવવા કરવો જરૂરી હતો અને થયેલ ખર્ચ કામના પ્રમાણમાં બરાબર છે. તથા કામો એકદંરે સંતોષકારક રીતે પૂર્ણ થયેલ છે. સબબ આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાના અંતે તમામ બિલો તથા અન્ય વહીવટી ખર્ચ તથા વિકાસ કામોના બીલો આજની સભામાં મંજૂર રાખી ચુકવણું કરવા તથા ખર્ચ થયેલ બીલોને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૬ વિકાસ કામોની ચર્ચા કરવા બાબત

ઠરાવનં ૬ (૧) આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકદંરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

૧ પલસાણા ગામે આઇ.ટી.આઇ થી મહાદેવ ફળીયામા સુરેશભાઇ શંકરભાઇ રાઠોડ નાં ઘર તરફ જતા પેવર બ્લોક નું કામ
૨ પલસાણા ગામે મહાદેવ ફળીયામા સુરેશભાઇ શંકરભાઇ રાઠોડ નાં ઘર થી મમતાબેન મંગુભાઇ રાઠોડ ના ઘર તરફ જતા પેવર બ્લોક નું કામ
૩ પલસાણા ગામે મહાદેવ ફળીયામા મમતાબેન મંગુભાઇ રાઠોડ નાં ઘર થી સતીષભાઇ શંકરભાઇ રાઠોડ ના ઘર તરફ જતા પેવર બ્લોક નું કામ
૪ પલસાણા ગામે મહાદેવ ફળીયામા સતીષભાઇ શંકરભાઇ રાઠોડ નાં ઘર થી રમીલાબેન ધીરુભાઇ ગામીત ના ઘર તરફ જતા પેવર બ્લોક નું કામ
૫ પલસાણા ગામે કબ્રસ્તાન ની અંદર પેવર બ્લોક બેસાડવાનું કામ
૬ પલસાણા ગામે કનકશ્રી સોસાયટી મા ભાટી પેલેસ થી દેવકૃપા શોપ તરફ જતા સી.સી રોડ નું કામ
૭ પલસાણા ગામે દેવકૃપા શોપ થી બાલાજી ટ્રેડીંગ તરફ જતા સી.સી રોડનુ કામ
૮ પલસાણા ગામે બાલાજી ટ્રેડીંગ થી સાંઇ પેલેસ તરફ જતા સી.સી રોડનુ કામ
૯ પલસાણા ગામે મોઢેશ્વરી સુપર સ્ટોર થી કાર્તિક ડોકટર ના ઘર સુધી પેવર બ્લોક નું કામ
૧૦ પલસાણા ગામે કનકશ્રી સોસાયટીમા સાંઇ પેલેસ થી નહેર તરફ જતા સી.સી રોડ નું કામ
૧૧ પલસાણા ગામે મહાદેવ ફળીયા મા પેવર બ્લોક નું કામ
૧૨ કનકશ્રી મા જતા રોડ પર આર.સી.સી રોડ નું કામ
૧૩ કનકશ્રી સોસાયટી મા આર.સી.સી રોડ નું કામ

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

(૨) આજની સભામાં પલસાણા ગામે હાલમાં વિવિધ યોજનાકીય કામો પલસાણા ગ્રામ પંચાયતના વિસ્તારમાં વિકાસના થયેલ કામો તથા જે કામો ચાલી રહેલ છે. તે કામો એકદંરે સંતોષકારક હોઇ સદરહુ બાબતે ચર્ચા પરામર્શના અંતે એકંદરે સંતોષ વ્યક્ત કરે છે. અને અધૂરા કામો સમયસર પૂર્ણ કરવા ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત નીચે મુજબના કામો ગ્રામ પંચાયત સ્વભંડોળ તથા ૧૫ માં નાણાંપંચ યોજનામાં આયોજન હેઠળ લેવા નક્કી કરવામાં આવે છે.નીચે મુજબના કામો ૧૫ મા નાણાપંચ યોજનાની ગાઇડલાઇન મુજબના જણાય તો સદર કામોને ૧૫ માં નાણાપંચ યોજનામાં પૂર્ણ કરવા પ્રાથમિકતા આપવા આજની સભા જણાવે છે.

(૧) પલસાણા ગામે પલસાણા થી પલે ગામ જતા રસ્તા પર આવેલ તાડ ફળિયા હળપતિ વાસ ના મુખ્ય રોડ પર પશ્ચિમ દિશા તરફ જતા આરસીસી રોડનું કામ
(૨)પલસાણા ગામે તાડ ફળિયામાં મુખ્ય રોડ પર આંગણવાડીથી પૂર્વ દિશા તરફ જતા આરસીસી રોડ નું કામ
(૩) પલસાણા ગામે તાડ ફળિયા હળપતિ વાસમાં મનાભાઈ હરદભાઈ રાઠોડ ના ઘરથી હસુભાઈ નગીનભાઈ રાઠોડ ના ઘર તરફ સીસી રોડ નું કામ
(૪)પલસાણા ગામે તાડ ફળિયામાં રવજીભાઈ ચીમનભાઈ રાઠોડ ના ઘરથી મધુબેન સોમાભાઈ રાઠોડ ના ઘર તરફ સીસી રોડનું કામ
(૫) પલસાણા ગામે તાડફળિયા હળપતિ વાસ માં સુકાભાઈ સોમાભાઈ ના ઘર થી નરેશભાઈ ગુણવંતભાઈ ના ઘર તરફ સીસી રોડનું કામ
(૬) પલસાણા ગામે તાડફળિયા હળપતિ વાતમાં મગનભાઈ ધીરુભાઈ ના ઘરથી ભાકા હસમુખના ઘર તરફ સીસી રોડ નું કામ
(૭)પલસાણા ગામે તાડ ફળિયા હળપતિ વાસ માં ચેતનભાઇ લલ્લુભાઈ ના ઘરથી શુકરભાઇ ચીમનભાઈ ના ઘર તરફ સીસી રોડનું કામ
(૮)પલસાણા ગામે તાડ ફળિયા હળપતિવાસમાં આંગણવાડી કેન્દ્રથી ભીખાભાઈ નટુભાઈ ના ઘર તરફ સીસી રોડ નું કામ
(૯) પલસાણા ગામે તાડ ફળિયા હળપતિ વાસ માં મંગીબેન સીમકાભાઇ ના ઘરથી દિનેશભાઈ લાલુભાઈ ના ઘર તરફ સીસી રોડનું કામ
(૧૦)પલસાણા ગામે તાડફળિયા હળપતિ વાત માં કોકિલાબેન મણીલાલ ના ઘરથી લીલાબેન ભીખાભાઈ ના ઘર તરફ સીસી રોડ નું કામ
(૧૧)પલસાણા ગામે તાડ ફળિયા હળપતિ વાસ માં સુકા ભાઈ સોમાભાઈ રાઠોડ ના ઘરની પાછળ વાડા વાળી ગલી માં બ્લોક રીપેરીંગ કરવાનું કામ

(૧૨)પલસાણા ગામે તાડ ફળિયા હળપતિ વાસમાં રવજીભાઈ ચીમનભાઈ ના ઘરની પાછળ વાળાની ગલીમાં પેવર બ્લોક રીપેરીંગ નું કામ
(૧૩)પલસાણા ગામે તાડ ફળિયા હળપતિવાસમાં પટેલ કાકા વાળી ગલી માં બ્લોક રીપેરીંગ નું કામ

"ઠરાવ સર્વાનુમતે મંજુર"

કામનં ૭ પ્રમુખ સ્થાનેથી રજૂ થતા કામો બાબત.
ઠરાવનં ૭ આજની સભામાં પ્રમુખ સ્થાનેથી કોઈ કામો રજુ કરવામાં આવેલ નથી. જેની આજની સભાએ નોંધ લીધી છે. .
"ઠરાવ સર્વાનુમતે મંજુર"

આમ, ઉપરોક્ત કાર્યવાહી મુજબ એજન્ડા મુજબના કામો પૂર્ણ થતા હાજર રહેલ તમામ સભ્યશ્રીઓનો આભાર માની સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

નકલ રવાના:-
(૧) પ્રતિ,
સરપંચશ્રી, ઉપસરપંચશ્રી અને સભ્યશ્રીઓ તમામ
ગ્રામ પંચાયત પલસાણા, તા.પલસાણા તરફ
૨/- જાણ થવા સારૂં

નકલ સવિનય રવાના:-
(૧) પ્રતિ,
મહે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ,
તાલુકા પંચાયત કચેરી પલસાણા તરફ
૨/- જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.